United Utilities

helping life flow smoothly

# વોટર મીટર એપ્લીકશન પક



## વોટર મીટર તમને સુવિધાયુક્ત બની શકે છે?

વોટર મીટર તમને સુવિધાયુક્ત બની શકે છે?
વોટર મીટર તમને સુવિધાયુક્ત બની શકે છે?



## તમારી પાણી સેવા માટે ખૂબ વધુ ચૂકવણી કરો છો?

# જીવનમાં પ્રાથમિકતા માટે જરૂરિયાતો કરતાં કોઇ વધુ ચૂકવણી કરવા માગતુ નથી.

વોટર મીટર સાથે, ફિક્સ્ડ બીલ્સ ભૂતકાળ થયો છે. તમે પાણીનો વપરાશ કરો છો તેના પર તમારા ખર્ચા આધારીત છે, આથી તમે વધુ પાણી બચત કરશો, તો તમે વધુ રોકડ બચાવશો.



# તમારા મીટરને ઓળખો

## એક વખત તમે મીટર માટે વિનંતી કરો, ત્યારબાદ આશરે 3 મહિનામાં અમે તેને ફિટ કરીશું – વહેલાં પણ હોઇ શકે.

તેને લગાડવા માટેના `ષ્ઠ સ્થળ અમે નક્કી કરીશું. તમારા ઘરમાં મીટર ફિટ કરવાની હંમેશા અમારી પ્રથમ પસંદગી છે – આ દિવસોમાં અમે દૂરની ટેકનોલોજીનો ઉપયોગ કરીએ છીએ અને અમે તમારા ઘરમાં પ્રવેશ કરતા નથી અને મીટર વાંચન માટે તમને ખલેલ કરતા નથી. ઘરમાં મીટર હોવાની એક સારી બાબત એ છે કે તમારા પોતાના વાંચન તમે સરળતાથી લઇ શકો છો આથી તમારા પાણી વપરાશ પર તમે દેખરેખ રાખી શકશો.

ઘણીવાર, નવાં ઘરમાં તમારું મીટર ફિટ કરવા માટે અમારે થોડા સાંધા કરવાની આવશ્યકતા હોય છે. કાંઇ વાંધો નહીં, આ પ્રકારનું કોઇ કાર્ય કરતા પહેલાં હંમેશા તમારી સાથે અમે ચર્ચા કરીએ છીએ.

જો, કોઇ કારણસર, તમારા ઘરમાં અમે મીટર ફિટ ન કરી શકીએ, તો ફુટપાથ પર તેને ફિટ કરવાની શક્યતા અમે તપાસીશું. જોવા માટે યોગ્ય છે કે જો ઘરમાં અમે મીટર ફિટ કરીએ, પરંતુ તમારા ઘરની બહાર ફિટ કરવાથી તમે નિરાશ થશો, આ કાર્ય માટે અમે ખર્ચ વસુલ કરીએ છીએ (સામાન્ય રીતે £130 વત્તા વેટ). અન્ય તમામ ઉદાહરણોમાં અમારા મીટર્સ અમે વિના મૂલ્યે ફિટ કરીએ છીએ.

**મીટર ડિફીટર**

ક્યારેક, વોટર મીટર ફિટ કરવું શક્ય નથી. ઉદાહરણ તરીકે, તમારો પાણી પુરવઠાની વહેંચણી અન્ય મિલકતો સાથે કરતા હો, તમારી મિલકતમાં તમે એકથી વધુ પાણી પુરવઠો ધરાવતા હો અથવા તમારી પાઇપલાઇન યોગ્ય ન હોય, અમારા નિષ્ણાંત ફિટર્સને તકલીફ થતી હોય અને તેઓ નમ્રતાપૂર્વક ‘ના’ કહે.

જો તમારી સાથે આમ બને, તો કંઇ વાંધો નહીં. તો તમારા વોટર બીલની ચૂકવણી મૂલ્યાંકન ખર્ચ પર આધારીત કરવાનો વિકલ્પ તમે ધરાવો છો (જે તમારા મિલકત પ્રકાર અને તમે એકલા રહો છો કે કેમ તેના આધારે નિયત વાર્ષિક ખર્ચ છે). જો આ તમને લાગુ હોય તો અમે તમામ માહિતી તમને આપીશું.

## અમારી ઓનલાઇન ‘રોકડ બચાવો’ ચેલેન્જ સ્વીકારો!

**અમારી વેબસાઇટ પર જાવ અને અમારા તુરંત ઓનલાઇન કેલ્ક્યુલેટર તપાસો. વોટર મીટર સાથે તમારી સંભવિત વાર્ષિક બચતોનો અમે અંદાજ કરીશું. થોડી મીનીટોમાં જ તે પૂર્ણ થઇ જશે., અને તમે કેટલી બચત કરી શકશો તેનાથી તમે આશ્ચર્યચકિત થઇ જશો.**

**unitedutilities.com/meters**



# ફેમીલી ફોર્ચ્યુન્સ

## જો તમે નાનો પરીવાર ધરાવતા હો, એકલા અથવા બે વ્યક્તિ રહેતા હો, તો વોટર મીટર વિજેતા સાબિત થઇ શકે છે.

જો તે મોટો પરીવાર ધરાવતા હો તો પણ, મીટરથી તમે ફાયદો મેળવી શકો તેની તપાસ કરવી યોગ્ય છે – ખાસ કરીને તમારા ઘરના ઉંચા ભાવના મૂલ્યના કારણે જો તમારું નિયત બીલ વધુ હોય.

આ ઘરો પર નજર કરો. જે તમારા ઘરની નજીક છે?

## કટી

31 વર્ષની કેટી તાજેતરમાં જ તેણીના પ્રથમ ઘરમાં આવી છે. તેણી એકલી રહે છે, જોકે તેમની અગાસી રહેવાલાયક ગલીથી દૂર છે, જે તેણીના પાર્ટી પ્રેમી મિત્રોને આભારી છે. તેણી શાવર્સ લે છે, સ્નાન નહીં (ટાઇમ નથી!) અને બગીચો ધરાવતી નથી, અન્યથા કરમાઇ ગયેલ વનસ્પતિથી બારી ગણી શકો! તેણીનું ફિક્સ વોટર બિલ આ વર્ષે £420 છે.

**વોટર મીટર સાથ બચત શક્ય છ? હા**

**સભવિત બચત આશર:**

**£136 પ્રતિ વર્ષ**



## કથરીન અન બ્રાયન

નિવૃત્ત યુગલ કેથરીન અને બ્રાયન તેમના વૃક્ષો ધરાવતા બંગલામાં 11 વર્ષથી રહે છે. તેમના બાળકો ઘણા સમયથી અલગ રહે છે, પરંતુ તેમના ત્રણ પૌત્રો, મુસાફરી અને શુદ્ધ બગીચાના આગ્રહી હોવાથી તેમને વધુ વ્યસ્ત રાખે છે. તેઓ પાણીનો ઉપયોગ કરે છે પરંતુ તેમના ફૂલોને ખીલવવા માટે, કારણ કે તેઓ હરીયાળી-પસંદ છે. તેમનું ફિક્સ વોટર બિલ આ વર્ષે £680 છે.

**વોટર મીટર સાથ બચત શક્ય છ? હા**

**સભવિત બચત આશર:**

**£282 પ્રતિ વર્ષ**



## વઝઝ

સ્ટીવ અને લી વેંગ તેમની દીકરીનું અભિમાન ન કરી શકે. નેપીઝ, રાત્રિ ખોરાક અને પેશાબ સાથે તેમનું જીવન વ્યસ્ત છે, તેમના વપરાશના બીલ્સ, અથવા પાણી બચત જેવી બાબતોનો વિચાર કરવા માટે તેમને માત્ર થોડો સમય રહે છે. સમયમાં ફેરફાર કરવાની આવશ્યકતા છે, ખાસ કરીને જ્યારે તેમના પર બોજ વધુ હોય. ફિક્સ વોટર બિલ આ વર્ષે £575 છે.



**વોટર મીટર સાથ બચત કરવા માટ: નાની બચતો શક્ય છે**

**સભવિત બચત આશર:**

**£63 પ્રતિ વર્ષ**

## હેન્ડરસન્સ

હેન્ડરસન્સ એ ચારનો સંપૂર્ણ પરીવાર છે (પાંચ જો તમે જોજો, કુતરાનો સમાવેશ કરો). જ્યારે તેઓ લેક ડિસ્ટ્રીક્ટમાં તમામ માઉન્ટેઇન-બાઇકીંગ પર ન હોય, ત્યારે માતા અને પિતા પુત્ર મેક્સ અને પુત્રી એલીસને ફુટબોલ પ્રેક્ટીસ અને સ્ટ્રીટ ડાન્સ ક્લાસમાં લઇ જાય છે. કહેવાની આવશ્યકતા નથી, કે વોશીંગ મશીન અને ડિશવોશર તેમના ઘરમાં ક્યારેય બંધ હોતા નથી. ફિક્સ વોટર બિલ આ વર્ષે £625 છે.

**વોટર મીટર સાથ બચત શક્ય છ: અન્યથા**

**માફ કરજો!**



# તમારું બીલ

## તમારું મીટર ફિટ થયાના છ મહિનામાં તમારા લેટરબોક્સ મારફતે તમારા પ્રથમ નવાં બીલની અપેક્ષા રાખી શકશો.

તમારું બીલ મીટર વાંચન દર્શાવશે જેનો ઉપયોગ તમારા ખર્ચની ગણતરી માટે થયો છે. જો કોઇ કારણોસર તમારું મીટર અમે વાંચી શકીએ નહીં, તો શું કરવું તે જણાવવા માટે અમે કાર્ડ મૂકી જઇશું. તમારા મીટર રીડીંગ સાથે તમે અમને અહીં કોલ કરી શકશો **0800 616 448**, અથવા અમારી વેબસાઇટ પર તમારા રીડીંગ દાખલ કરી શકશો. તમારા દ્વારા અથવા અમારા કોઇ મીટર રીડર્સ દ્વારા લેવાયેલ વાસ્તવિક રીડીંગથી ખાતરી કરો કે તમે વાજબી બીલ મેળવો છો.

તમારા જૂનાં ખાતામાંથી અમે કોઇ નાણાં તમને જમા આપેલ હોય, તમારા પ્રથમ મીટર બીલમાં તે સરભર કરીશું. અને જો તમે અમને કંઇ આપેલ હોય, તો અમે તમને બીલમાં સરભર કરી આપીશું. આ તમામ સ્વયં થશે.

તમારી અનુકૂળ રીતે તમે ચૂકવણી કરી શકશો, જેમ કે ડાયરેક્ટ ડેબીટ, ઉભા રહીને, તમારી બેંક પર, અથવા પોસ્ટ મારફતે. અને જો તમે માય એકાઉન્ટ સર્વિસમાં સાઇન ઇન કરો, તો આ વધુ સરળ છે (મુલાકાત લો **unitedutilities.com/myaccount** વધુ વિગતો માટે).



# ફરી બદલવું

## એક વખત વોટર મીટર લગાવ્યા બાદ અમારા મોટાભાગના ગ્રાહકોએ ક્યારેય પાછુ વળીને જોયું નથી. એપ્રિલ 2000 થી અમારા અડધાં મીલીયન ગ્રાહકોએ વિના મૂલ્યે મીટર ફિટ કરાવ્યાં છે.

આમછતાં, તમને જણાય કે તમે અપેક્ષિ ત બચત નથી કરતા, તો જૂની ફિક્સ બીલ પદ્ધતિમાં તમે ફરી બદલી કરી શકશો, તમે મીટર ફિટ કરાવ્યાના 13 મહિનાની અંદર અમને જણાવી શકશો.

આ પરિસ્થિતિઓમાં, અમે મીટર દૂર કરતા નથી. તે ત્યાં જ રહેશે. જો તમે ક્યારે ઘર બદલાવો, જોકે, નવાં નિવાસી મીટર બિલ્સની પસંદગી કરે તો, જૂનાં મીટરથી નવી લીઝ ચાલુ કરી શકશે.

### એક નાનકડો સુંદર ઉપાય

*તમારું મીટર ચા બનાવી શકશે નહીં અથવા તમારા પસંદગીના ટીવી કાર્યક્રમની લીંક કરી શકશે નહીં, પરંતુ તમને ખલેલ પહોંચાડ્યા વિના ચોક્કસ મીટર રીડીંગ મેળવવા માટે અમને તે સ્વયં રીડીંગ મોકલી શકશે (જોકે ભવિષ્યમાં મીટરની જાળવણી અથવા બદલી માટે કોઇપણ સમયે અમારે સમારકામ કરવાની આવશ્યકતા રહેશે).*

*અમે ફિટ કરેલ તમામ મીટર્સમાં અમે દૂરથી રીડીંગ લઇ શકીએ છીએ. અને ભૂલશો નહીં, તમારા પાણી વપરાશની દેખરેખ માટે તમે પોતાના મીટર રીડીંગ પણ લઇ શકશો.*

થાવ તમે નાણાંની બચત કરી શકશો...



# થોભો... તમન ખબર છ?

ઘરમા પાણીનો આપણ ખબ ઉપયોગ કરીએ છીએ ગેસ અથવા ઇલેક્ટ્રીસીટિ દ્વારા ગરમ કરવામાં (જેમ કે સ્નાન, શાવર્સ અને સફાઇમાં). આથી કોઇપણ પાણી બચતમાં તમે એનર્જી બીલ્સની પણ બચત કરશો. કોણે કહ્યું કે પાણી અને ઇલેક્ટ્રીસીટિ જોડાયેલ નથી?

તમારા દનિક ક્રમોમા થોડા સમાન્ય ફરફારો મીટર સાથે તમારા બિલમાં ઘટાડો કરવામાં ખરેખર મદદ કરી શકશે. અસંખ્ય ટીપ્સ અને સૂચનો માટે **unitedutilities.com/usewaterwisely** ની મુલાકાત લો. અમારી વેબસાઇટ પરથી તમે વિના મૂલ્યે પણ ઓર્ડર કરી શકશો જેથી તમને શરૂ કરવામાં સહાય મળે!

## એક વષ માટ પ્રયાસ કરો... જો તમન ન ગમ તો ફરી બદલાવો

તમારા વોટર મીટરથી જો તમારી બચત ન થાય, તો 13 મહિનાની અંદર તમારા જના ફિક્સ બીલમા ફરી બદલી કરી શકશો.

## અમ વોટર મીટસ વિના મલ્ય ફિટ કરીએ છીએ, અન કોઇ માટ ફિટ કરવ સરળ નથી.

**તમે કરી શકશો:**

**ક્લિક કરો:** અહીં ઓનલાઇન વિનંતી કરો
**unitedutilities.com/watermeteronlineform**

**કોલ કરો:** અહીં અમને રીંગ કરો **0845 746 1100**
અને અમે તમામ બાકીની પ્રક્રિયા કરીશું

**પોસ્ટ કરો:** આ પત્રિકા સાથે બીડેલ વિનંતી પત્રક કરો.

અમારા ગ્રાહકો માટે ઉપયોગી માહિતીનો સમાવેશ કરતા પ્રકાશનોની `ણીમાંનું આ એક લીફલેટ છે. અન્યોને પણ તમારા જેવો રસ હોઇ શકે છે:

- **પાઇપ, ડ્રેઇન અને ગટર માટે સરળ માર્ગદર્શિકા**
- **તમારા ઘરના વોટર મીટરની તપાસ કરો**
- **તમારા વોટર બિલની ચૂકવણી માટે માર્ગદર્શિકા**
- **અમારી એક્સ્ટ્રાકેર સેવાઓ માટે માર્ગદર્શિકા**
- **પાણી વપરાશ યોગ્ય રીતે કરવા માટે માર્ગદર્શિકા**
- **વોટરસ્યોર એપ્લીકેશન પેક**
- **અમારી ફરિયાદ પ્રક્રિયા**
- **મુખ્ય અને સામાન્ય પુરવઠા પાઇપ બદલવા**
- **સેવાના અમારા ધોરણો**

અમારી વેબસાઇટ પરથી અમારા કોઇપણ લીફલેટ તમે ડાઉનલોડ કરી શકશો: **unitedutilities.com/leaflets**, અથવા અહીં લખો: United Utilities (Dept LR), 1050 Europa Boulevard, Warrington WA55 1LR. અથવા, અમારા પ્રખ્યાત લીફલેટ અમારી 24 – કલાકની સ્વયંસંચાલિત લીફલેટ વિનંતી લાઇન પર ઉપલબ્ધ છે **0845 303 7711**.

મોટી પ્રીન્ટ, બ્રેઇલ, અને ઓડીયો સીડી અથવા કેસેટ પર અમારી તમામ પુસ્તિકા ઉપલબ્ધ છે. કૃપા કરી અમને અહીં કોલ કરો **0845 746 1100** જેથી કોઇપણ સ્વરૂપમાં લીફલેટ ઓર્ડર કરી શકશો.

જો ઇંગ્લીશ તમારી પ્રથમ ભાષા ન હોય, તો અમારી મુખ્ય પુસ્તિકા હિન્દી, ગુજરાતી, ચાઇનીઝ, બંગાળી અને પંજાબીમાં અમારી આ વેબસાઇટ પર ઉપલબ્ધ છે **unitedutilities.com/translations**

જોકે – અમારા સંચાલન લાયસન્સ અને નિયામક OFWAT ની મંજુરીને આધીન, અમારી આવશ્યકતાઓ પૂર્ણ કરવા માટે આ લીફલેટમાં ગ્રાહકોને માહિતી પૂરી પાડવામાં આવે છે.

## અમારો સપક કરવાની તમન આવશ્યકતા હોય તવા કિસ્સામા:

**તમારા બિલ વિશે અમારી સાથે વાત કરવા માટે:**
**0845 746 1100** જો તમ વોટર મીટર ધરાવતા ન હો
**0845 746 2222** જો તમ વોટર મીટર ધરાવતા હો
કામના કલાકો: સવાર 8 સાજે 8 સોમથી શક્ર;
સવાર 8 સાજે 5 શનિ.

**તમારા પાણી અને વેસ્ટવોટર સેવા વિશે અમારી સાથે વાત કરવા માટે:**
**0845 746 2200**
કામના કલાકો: સવાર 8 સાજે 8 સોમથી શક્ર;
સવાર 8 સાજે 6 શનિ; સવાર 8 બપોર 12 રવી.

જો તમ સાભળવાની અથવા બોલવાની તકલીફ ધરાવતા હો, અન ટક્સ્ટફોનનો ઉપયોગ કરતા હો, તો કપા કરી **18001** ડાયલ કરો તમારા આશ્યક નબર બાદ.

**તમે અમને અહીં લખી શકશો:**
**United Utilities, PO Box 459, Warrington WA55 1WB**

**અથવા ઓનલાઇન જાવ:**
**unitedutilities.com**

**my account**

તમારું પાણી ખાતું હવે તમે ઓનલાઇન સંચાલન કરી શકશો.
અહીં નોંધણી કરાવો: **unitedutilities.com/myaccount**

United Utilities
helping life flow smoothly

United Utilities Water PLC,
Haweswater House, Lingley Mere Business Park, Lingley Green Avenue, Warrington WA5 3LP.
ઇંગ્લેન્ડ અને વેલ્સમાં રજીસ્ટર્ડ. રજીસ્ટર્ડ નંબર 2366678.

01/13/SD/4959a

વૉટર મીટસ

# તમારા પ્રશ્નોના જવાબો આપવામા આવ્યા છ

United Utilities
helping life flow smoothly

## વૉટર મીટર ફિટ કરાવવું

### વૉટર મીટર ફિટ કરાવવા માટે મારે કેવી રીતે વિનંતી કરવી?

અહીં ઓનલાઇન વિનંતી કરો **unitedutilities.com/meters** અથવા સાથે બીડેલ અરજી પત્ર ભરો. અહીં અમને કોલ કરીને પણ તમે વિનંતી કરી શકશો **0845 746 1100**.

### વૉટર મીટર ક્યા ફિટ થશે?

તમારા ઘરમાં વિના મૂલ્યે અમે વૉટર મીટર ફિટ કરીએ છીએ (પાણી પુરવઠા પાઇપ પર, જે તમારા ઘરમાં પાણી લાવે છે). તમારા ઘરમાં જો અમે મીટર ફિટ ન કરી શકીએ, તો અમે તેને બહાર ફિટ કરીશું (અમુક ઘટનામાંતમારા ઘરમાં બાઉન્ડ્રી બોક્સ પહેલાંથી જ હોય – તો આ બોક્સમાં અમે મીટર ફિટ કરીશું).

મીટર ફિટ કરવાના શ્રેષ્ઠ સ્થળનો નિર્ણય કરવા માટે સર્વે કરવા અમે તમારા ઘરની મુલાકાત લેશું. આ મુલાકાત દરમિયાન ફિટ કરવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયત્નો કરીશું, પરંતુ જો આ શક્ય ન હોય તો અમારી ફરી મુલાકાત કરવી પડશે.

મીટરને તમારા પાણી પુરવઠા પાઇપ સાથે લગાડવાનું હોવાથી (જે સામાન્ય રીતે રસોડો સિંક નીચે હોય છે), અમે થોડી વસ્તુઓ હટાવવાનું કહીશું આથી અમે આમ કરી શકીએ (જેમ કે કોઇ સફેદ સામાન જે પાણી પુરવઠા પાઇપ, લાકડાંની પેનલને અવરોધતો હોય).

અમે તમારું મીટર ફિટ કરીએ ત્યારે અમારે થોડું સમારકામ કરવાનું હોય છે, અને અમે કોઇ કામ શરૂ કરીએ તે પહેલાં અમે ખાતરી કરીશું કે આ માટે તમે રાજી છો.

### વૉટર મીટર અન્ય સ્થળે ફિટ કરવા માટે મારે ચૂકવણી કરવાની છે?

હા. અમારી પસંદગીના સ્થળ (તમારા ઘરમાં) વૉટર મીટર લગાડવાનું અમારા માટે શક્ય હોય, પરંતુ તમે બહાર વૉટર મીટર લગાડવા માગતા હો, તો આ શક્ય છે કે કેમ તેની અમે તપાસ કરીશું. કમનસીબે, અમુક મિલકતોમાં મીટર બહાર લગાડી શકાશે નહીં, વધુ માહિતી માટે હવે પછીનો વિભાગ જુઓ. તમારા માટે અમે ફુટપાથ પર મીટર જો લગાડીએ, તો તમારે તફાવતની રકમ ચૂકવવાની રહેશે, જે £130 વત્તા વેટ છે.

### તમે હંમેશ વૉટર મીટર ફિટ કરી શકશો?

ના, હંમેશા નહીં. વૉટર મીટર ફિટ ન કરી શકવા માટેના ખૂબ સામાન્ય કારણો આ રહ્યા:

- તમે ફ્લેટમાં રહેતા હો અથવા સામુહિક સુવિધાઓ ધરાવતા હો જેમ કે લોન્ડ્રી રૂમ અથવા સંયુક્ત ગરમ પાણી પુરવઠો ધરાવતા હો.
- તમે એક કરતાં વધુ પાણીનો પુરવઠો ધરાવતા હો તમારી મિલકતમાં.
- તમારો પાણી પુરવઠો સંયુક્ત હોય અન્ય મિલકતો સાથે.
- તમારી મિલકતમાં પાઇપકામ પહોંચ બહાર હોય, ખરાબ સ્થિતિમાં હોય, અથવા વૉટર સપ્લાય રેગ્યુલેશન્સ 1999 (વૉટર ફિટીંગ) સાથે સુસંગત ન હોય.
- અમે યોગ્ય સ્થળ ન મળે જેથી વૉટર મીટર ફિટ કરી શકાય
  - તમારી મિલકતની બહાર ફુટપાથ અથવા જાહેર માર્ગ પર
  - તમારા ઘરમાં.

તમારા ઘરમાં અમે વૉટર મીટર ફિટ ન કરી શકીએ તો ભાવયુક્ત મૂલ્યના બદલે તમારી પાણી અને ગંદાપાણી સેવાઓ અધારીત મૂલ્યાંકિત ખર્ચાની ચૂકવણી કરવાની તમે પસંદગી કરી શકશો. મૂલ્યાંકિત ખર્ચા એ પ્રતિ વર્ષની ફિક્સ રકમ છે. તમે જે રકમની ચૂકવણી કરશો તે તમારી મિલકતના પ્રકાર પ્રકાર પર આધારીત છે, સિવાય કે તમે એકલા રહેતા હો, આ કિસ્સામાં અમારા સિંગલ પર્સન હાઉસહોલ્ડ ટેરીફ માટે તમે લાયક થઇ શકશો.

જો અમે મીટર ફિટ ન કરી શકીએ તો આ વિકલ્પની તમારી સાથે અમે ચર્ચા કરીશું.

### તમે વૉટર મીટર ક્યારે વાંચશો?

સામાન્ય રીતે દર છ મહિને અમે વૉટર મીટરનું વાંચન કરીશું. ઘરમાં અમે જે મીટર ફિટ કરીએ છીએ તેને ‘સ્માર્ટ’ મીટર્સ કહેવાય છે, જેનો અર્થ છે કે તમારા ઘરમાં પ્રવેશ કર્યા વિના તે અમને સ્વયં રીડીંગ મોકલે છે. જોકે, ભવિષ્યમાં એવા પ્રસંગો બની શકે છે જ્યારે મીટરની જાળવણી અથવા બદલી માટે તમારા ઘરમાં પ્રવેશની અમને જરૂરિયાત રહે.

જો અમે વૉટર મીટર વાંચી ન શકીએ, તો હવે શું કરવું તેની સ્પષ્ટતા સાથેનું કાર્ડ અમે મૂકીશું. તમારા રીડીંગ સાથે તમે અમને અહીં કોલ કરી શકશો **0800 616 448**, અહીં ઓનલાઇન તમારા રીડીંગ દાખલ કરી શકશો **unitedutilities.com/meter-reading**. તમારા અથવા અમારા મીટર રીડર દ્વારા લેવામાં આવેલ વાસ્તવિક રીડીંગથી ખાતરી કરી શકાશે કે તમે સાચું બીલ મેળવો છો.

### વૉટર મીટર ફિટ કરવામાં કેટલો સમય લાગશે?

જો સર્વેમાં જણાય કે અમે વૉટર મીટર ફિટ કરી શકીશું, તમારું અરજી પત્રક મળ્યાના **ત્રણ મહિનામાં** અમે આમ કરીશું. અમે સર્વે કરીશું તેના સમર્થના માટે તમારું ફોર્મ મળ્યાના બે સપ્તાહમાં અમે તમે લખીશું.

અનુકૂળ મુલાકાત સમયની ગોઠવણી કરવા માટે અમે તમારો ફોન અથવા પત્ર દ્વારા સંપર્ક કરીશું.

જો કોઇ સંજોગોમાં વૉટર મીટર ફિટ કરવામાં અમે ત્રણ મહિનાથી વધુ સમયનો વિલંબ કરીએ, સામાન્ય રીતે અમે તમને **£4** ની રકમ જમા આપીશું જે અમારા માપદંડો પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા બાદ દર સપ્તાહની છે. અમુક પરિસ્થિતિઓ છે જ્યારે આ ભથ્થાં માટે તમે લાયક ન થઇ શકો.

આ બાબતોનો સમાવે થાય છે:

- તમારી અરજી પત્રક તમે યોગ્ય રીતે ન ભર્યું હોય.
- તમારી સાથે જો અમે મુલાકાત કરી હોય વૉટર મીટર ફિટ કરી શકાય અને તમે આ મુલાકાત ચૂકી જાવ અથવા રદ્દ કરો.

### આ પત્રિકાની માહિતી વિશે અમારો કેવી રીતે સંપર્ક કરવો

**unitedutilities.com/meters**

**0845 746 1100**
કામના કલાકો: સવારે 8 – સાંજે 8 સોમથી શુક્ર; સવારે 8 – સાંજે 5 શનિ

**United Utilities
PO Box 246,
Warrington
WA55 1EA**

- તમારા પાઇપવર્કમાં જો તમે કોઇ આવશ્યક ફેરફારો કરવામાં નિષ્ફળ જાવ (સર્વેના સમયે અમે તમને જણાવીશું જો ફેરફારોની જરૂરિયાતો હોય). ત્રણ મહિનામાં આ ફેરફારો કરવામાં તમે નિષ્ફળ જાવ, તો તમારી મૂળ અરજી રદ્દ કરવામાં આવશે અને વોટર મીટર માટે તમારે ફરી અરજી કરવાની રહેશે.
- ત્રણ મહિનાથી વધુ સમય પછી વોટર મીટર ફિટીંગમાં વિલંબ માટે તમને પૂછો.

## હું ભાડૂત છું, શું વોટર મીટર ફિટ કરાવવા માટે અરજી કરી શકુ?

હા, સિવાય કે તમે છ મહિનાથી ઓછા સમય માટે ફિક્સ ટર્મ ટેનન્સી ધરાવતા હો જેમાં વોટર મીટરની અરજી કરતા પહેલાં તમારા મકાનમાલિકની તમારે અનુમતિ લેવી ફરજિયાત છે.

## હું મકાનમાલિક છું, મારી મિલકતોમાંથી કોઇ એકમાં વોટર મીટર ફિટ કરવા માટે હું અરજી કરી શકુ?

જો વોટર બીલ તમારા નામ પર હોય તો જ વોટર મીટર ફિટ કરવા માટે અમને કહી શકશો. મિલકતમાં તમે વોટર મીટર ફિટ કરાવવા માગો છો તેની તમારા તમામ ભાડૂતોને જાણ કરી કૃપા કરી ખાતરી કરો.

## હું વોટર મીટર ફિટ કરાવું ત્યારબાદ હું મારો નિર્ણય બદલી શકુ?

હા, સિવાય કે તમે વધુ પાણી વપરાશકર્તા હો. ઉદાહરણ તરીકે, જો તમે તળાવ અથવા સ્વીમીંગ પુલ ભરો (10,000 લીટર્સથી વધુ ક્ષમતા ધરાવતા), સ્પ્રીંકલરનો ઉપયોગ કરો, અથવા તમારી મિલકત ઘર અને વ્યવસાય હોય અને વ્યવસાય માટે મુખ્ય પાણી વપરાશ હોય, તો તમારે મીટર્ડ બીલ રાખવું જોઇએ.

તમામ માટે 13 મહિનામાં, વોટર મીટર ફિટ થયા બાદ, વોટર સેવા માટે તમને ચાર્જ કરવા માટે અમારી જૂની રીતમાં તમે પરત બદલી કરવા માગો છો તે અમને જણાવો.

અમે મીટરની બદલી કરીશું નહીં પરંતુ ભવિષ્યના તમારા તમામ બીલ્સ પહેલાંની જેમ, તમારી મિલકતના મૂલ્યના આધારે રહેશે. આ સમયમર્યાદામાં જો તમે અમને જાણ ન કરો, તો તમારા મીટર રીડીંગ્સના આધારે ખર્ચની ચૂકવણી કરવાનું તમે ચાલુ રાખશો.

## વોટર મીટર ફિટ કરવાથી મારી મિલકતના ઇલેક્ટ્રીક અર્થીંગને અસર થશે?

જો તમારા ઘરની અંદર અમે વોટર મીટર ફિટ કરીએ, તો અર્થીંગની સાતત્યતા અથવા તમારી ઇલેક્ટ્રીક સિસ્ટમમાં અમે કોઇ ફેરફાર કરીશું નહીં. મીટરની આજુ બાજુ અને કાયમી કેબલ ફિટ કરીશું અને આ યોગ્ય રીતે રાખવો ફરજિયાત છે.

જો તમારા ઘરની બહાર વોટર મીટર અમે ફિટ કરીએ, અને તમારી ઇલેક્ટ્રીકલ સિસ્ટમ પાણી પુરવઠા પાઇપનો અર્થ તરીકે ઉપયોગ કરતો હોય તો થોડી અસર થઇ શકે છે. તમારી મિલકતમાં સાચું ઇલેક્ટ્રીક અર્થીંગ માટેની જવાબદારી તમારી છે. જો આ બાબતે તમને કોઇ વાંધો હોય તો કૃપા કરી નિષ્ણાત ઇલેક્ટ્રીશીયનનો સંપર્ક કરો.

## જો મારો પાણી પુરવઠા પાઇપ લીક હોય તો શું થશે?

ઘરગથ્થું ગ્રાહકો માટે અમે ખાનગી લીક રીપેર યોજના ધરાવીએ છીએ. તેનો અર્થ છે કે, ચોક્કસ કિસ્સાઓમાં, કોઇપણ ખર્ચ વિના તમારા બાહ્ય પુરવઠા પાઇપના લીક અમે રીપેર કરીશું. અને તમારા ઘરની બહારની દિવાલ અને મિલકત બાઉન્ડ્રી વચ્ચેના પાઇપના જ કોઇપણ લીકનું અમે સમારકામ કરીશું પરંતુ તમારા મકાનની નીચે અથવા આંતરીક પ્લમ્બીંગમાં નહીં. સંપૂર્ણ માહિતી અહીંથી ઉપલબ્ધ થશે **unitedutilities.com/bursthome**

## લીક અથવા ભંગાણના કારણે વેડફાયેલ પાણી માટે મારે ચૂકવણી કરવાની રહેશે?

જો તમે વોટર મીટર ધરાવતા હો, તો તેમાંથી પસાર થયેલ તમામ પાણી માટે અમે ખર્ચ વસૂલ કરીશું. તમારા પાઇપવર્કમાં કોઇપણ લીકને શોધવામાં મદદ માટે તમે નિયમિત વાંચન લો તેની અમે તમને ભલામણ કરીએ છીએ. તમારી બહારના સપ્લાય પાઇપ પર તમને લીક જણાય તો પાણી બગાડ માટે દાવો કરવાનો તમે હક્ક ધરાવો છો. લીકમાંથી વેડફાયેલ પાણીના ખર્ચને અમે રીફંડ કરીશું, જે પ્રથમ ભંગાણના કારણે હોય અને તેને શોધ્યા બાદ બે સપ્તાહમાં તેનું સમારકામ થાય છે.

તમારા વેસ્ટવોટર ખર્ચા સામે અમે તમને ભથ્થું પણ આપીશું. મુલાકાત લો **unitedutilities.com/bursthome** અને અમારા લીકેજ નિયમો વિશે વધુ માહિતી મેળવો અને ક્લેઇમ ફોર્મ ડાઉનલોડ કરો.

## વોટર મીટરના માલિક છે?

વોટર મીટરના માલિક યુનાઇટેડ યુટીલીટીઝ છે. તેની જાળવણી, સમારકામ અને બદલી માટે અમે જવાબદાર છીએ.

## જો હું ઘર બદલાવું તો નવાં મકાનધારકને મિલકતના ભાવયુક્ત મૂલ્ય આધારીત ખર્ચા પર ફરી મૂકવામાં આવશે?

તમામ નવાં મકાનધારોને તેમની વોટર સેવાઓ માટે તેમના મીટર રીડીંઝ આધારીત ખર્ચ વસૂલવામાં આવશે (ભાવયુક્ત મૂલ્ય આધારીત ખર્ચાની ચૂકવણીની તમે પસંદગી કરી હોય તો પણ).

ઘર બદલાવતી વખતે નવાં માલિકને તમારે જાણ કરવી ફરજિયાત છે કે તેમની વોટર સેવાઓ માટે તેમના મીટર રીડીંઝ આધારીત ખર્ચ વસૂલવામાં આવશે.

## શું હું મીટર દૂર કરી શકુ?

ના. વોટર મીટર દૂર કરવું, તેની સાથે ચેડા કરવા તે ગેરકાનૂની છે, અથવા કૃપા કરી આ કરશો નહીં.

# તમારું બીલ

## તમે મને ક્યારે બીલ મોકલવાશો?

તમે દર છ મહિને બીલ મેળવશો. તમે ઉપયોગ કરી રહ્યા છો તે વૉટર અને વેસ્ટવૉટર સર્વિસ માટે છે. તમે જે તારીખે બીલ મેળવો તે અમે વૉટર મીટરનું વાંચન કર્યું છે ત્યારનું હોય છે.

તમારું વૉટર મીટર ફિટ કર્યા બાદ તમારું પ્રથમ મીટર્ડ બીલ છ મહિનામાં કોઇપણ સમયે આવી શકે છે. જો તમે પોતાના રીડીંગ ન મેળવી શકો અથવા અમારા તરફથી રીડીંગ ન મળે તો, અમે તમને અંદાજિત બીલ મોકલાવીશું.

## મારા બીલની હું કેવી રીતે ચૂકવણી કરી શકુ?

તમારા બીલની ચૂકવણી કરવા માટે અમે ઘણા અનુકૂળ ઉપાયો ધરાવીએ છીએ. તમે ડાયરેક્ટ ડેબીટ, રોકડ અથવા ચેક દ્વારા પણ ચૂકવણી કરી શકશો. અમારા થોડા ગ્રાહકો દરેક બીલ આવે ત્યારે ચૂકવવાનું પસંદ કરે છે, પરંતુ મોટાભાગના બજેટ પેમેન્ટ સ્કીમનલ પસંદગી કરી વર્ષની ચૂકવણી કરવાનું પસંદ કરે છે. એક વર્ષમાં તમે પાણીનો કેટલો ઉપયોગ કરશો તેનો અમે અંદાજ કરીએ છીએ અને કુલ રકમને નિયમિત માસિક ચૂકવણીઓમાં વિભાજન કરીએ છીએ. તમે ખરેખર કેટલા પાણીનો ઉપયોગ કરો છો તેના આધારે પછીના વર્ષે તમારે ચૂકવવાની રકમ (વધુ અથવા ઓછી) અમે સરભર કરીએ છીએ.

## હું ડાયરેક્ટ ડેબીટ મારફતે ચૂકવણી કરી શકુ?

હા. ડાયરેક્ટ ડેબીટ તમારા બીલની ચૂકવણી સ્વીકારે છે અને તમારી ચૂકવણી તમે કરી શકશો. દર વર્ષે પણ **£5** તમારું બીલ અમે આપીશું. ફક્ત અહીં અમને કોલ કરો **0845 746 2222**.

## હાલ હું ડાયરેક્ટ ડેબીટ મારફતે ચૂકવણી કરું છુ. મારે અન્ય ફોર્મ ભરવાની આવશ્યકતા છે?

ના, તમારે કંઇ કરવાની આવશ્યકતા નથી. તમે અમને જણાવો નહીં ત્યાં સુધી તમારી ગોઠવણી અમે ચાલુ રાખીશું.

## વૉટર મીટર ફિટ થયા બાદ મારા 'જૂનાં' બીલનું શું થશે?

તમે હાલ કેટલી ચૂકવણી કરો છો તે ધ્યાને ન લેતા, કૃપા કરી ખાતરી કરો કે અમે વૉટર મીટર ફિટ ન કરીએ ત્યાં સુધી તમે ચૂકવણી ચાલુ રાખો.

એક વખત મીટર ફિટ થઇ જાય, અમે તમારું 'જૂનું' બીલ સરભર કરીશું, જો અમે કોઇ નાણાં લીધાં હોય, આ રકમ તમારા પ્રથમ મીટર્ડ બિલમાં અમે કપાત કરીશું. આ ક્રેડિટ બેલેન્સ તરીકે દર્શાવવામાં આવશે. તમારા 'જૂનાં' બીલ પર તમે અમને નાણાં આપ્યા હોય તો બાકી બેલેન્સ માટે અમે તમને ખાતુ મોકલાવીશું.

# સંભવિત બચતો પર એક નજર

આ કોષ્ટક દર્શાવે છે કે જો તમે વૉટર મીટર ધરાવતા હો તો દર વર્ષે તમે સંભવિત કેટલી બચત કરી શકશો.

- સૌપ્રથમ, તમારા વૉટર બીલમાં તપાસ કરો કે હાલ પ્રતિ વર્ષ તમે કેટલી ચૂકવણી કરો છો.
- ત્યારબાદ, તેની સામે તમારા ઘરના સભ્યોની સંખ્યાની સરખામણી કરો.
- સંભવિત બચતો ઘેરા રંગના ખાનાંમાં દર્શાવવામાં આવશે.
- પ્રકાશિત રંગના ખાનાં દર્શાવે છે કે બચતો અસંભવિત છે અને મોટાભાગના કિસ્સાઓમાં તમે પહેલાંથી તમારા નાણાંનું `ષ્ઠ વળતર મેળવી રહ્યા છો.

| તમાર હાલન વાષિbk બીલ: | £300 - £400 | £400 - £500 | £500 - £600 | £600 - £700 | |
|---|---|---|---|---|---|
| ઘરમા 1 વ્યક્તિ | £16-£116 | £116-£216 | £216-£316 | £316-£416 | સભવિત બચતો* |
| ઘરમા 2 વ્યક્તિ | સભવિત નાની બચતો | £2-£102 | £102-£202 | £202-£302 | |
| ઘરમા 3 વ્યક્તિ | અસભવિત બચતો | અસભવિત બચતો | સભવિત નાની બચતો | £88-£188 | |
| ઘરમા 4 વ્યક્તિ | અસભવિત બચતો | અસભવિત બચતો | અસભવિત બચતો | સભવિત નાની બચતો | |
| ઘરમા 5 અથવા વધ વ્યક્તિ | અસભવિત બચતો | અસભવિત બચતો | અસભવિત બચતો | અસભવિત બચતો | |

**ઉદાહ્રર તરીકે:**
£500 નું વાર્ષિક બીલ ધરાવતુ, બે લોકોનું ઘર જો વૉટર મીટર પર જાય તો તેઓ સંભવિત રીતે £102 ની આસપાસ તેમના વૉટર બીલ પર બચત કરી શકે.

**સરેરાશ વપરાશ અને ધારકોની સંખ્યા પર પ્રતિ વર્ષ બચતો આધારીત છે (2013/2014 ભાવ).*

આ ખર્ચની બચતો **માત્ર માર્ગદર્શન** છે અને તમારા પાણી વપરાશ પર અધારીત છે. કૃપા કરી મુલાકાત લો **unitedutilities.com/meters** અને વધુ ચોક્કસ ગણતરી માટે અમારા ઓનલાઇન વૉટર કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરો.

# તમારા હક્કો અને જવાબદારીઓ
## (આ થોડું કાનૂની છે – માફ કરજો થોડું ઔપચારીક જણાય તો!)

તમારા પાણી અને ગંદાપાણી સેવા ખર્ચા સંલગ્ન તમારી કાનૂની હક્કો અને જવાબદારીઓ વિશે આ વિભાગ તમને જણાવશે. લીક્સ, મકાન સ્થળાંતર કરવું, પુરવઠા પાઇપ અને સ્વયં વોટર મીટર જેવા મુદ્દાઓનો તે સમાવેશ કરે છે.

મિલકતના ધારક ખર્ચા માટે જવાબદાર છે સિવાય કે અન્ય વ્યક્તિએ જવાબદારી સ્વીકારવા માટે અમારી સાથે સંમત થયા હોય, જેમાં વ્યક્તિ જવાબદાર હોય.

મોટાભાગની માલિક અને ભાડૂત પરિસ્થિતિઓમાં સામાન્ય રીતે ભાડૂત જે ધારક હોય તેને ચાર્જ કરવામાં આવે છે માલિકને નહીં. રજા ભાડૂતી, પથારીઓ, વિદ્યાર્થી સમાવેશ અથવા અન્ય ટૂંકા ગાળાના સમાવેશ જેવા કિસ્સાનો સમાવેશ મુખ્ય વાંધાઓમાં થાય છે જ્યાં ભાડૂતનો ભોગવટો ક્ષણિક હોય છે. આ પ્રકારના કિસ્સામાં ધારક તરીકે માલિકને ગણવામાં આવે છે.

જ્યાં મિલકત ભોગવટો હોય અથવા સ્થિત હોય ત્યાં ખર્ચ વસૂલવામાં આવશે. જો મિલકતોનો ભોગવટો અથવા સુવિધા ન હોય, તો જે તે સેવાઓ પ્રાપ્ત કરતા હોય તે વ્યક્તિ પાસે કોઇ સેવા માટે અમે ખર્ચ વસૂલ કરીશું.

અમે તમારી સાથે અન્ય કરાર ન કરીએ ત્યાં સુધી, તમે બીલ મેળવો ત્યારે ખર્ચા ચૂકવવાપાત્ર છે અને 14 દિવસમાં અમે તમારી ચૂકવણી એકત્ર કરીશું.

કોઇ નુકશાન, બગાડ, લીક અથવા ગેરઉપયોગને ધ્યાને ન લેતા વોટર મીટરમાંથી પસાર થતા તમારા પાણી માટે અમે તમારી પાસેથી ખર્ચ વસૂલ કરીશું. આમછતાં, તમારા પુરવઠામાં પ્રથમ વખત ભંગાણ થયું હોય, ગુમાવેલ પાણી માટે ભથ્થાનો દાવો કરવાનો તમે હક્ક ધરાવો છો.

આ પાણી અને ગંદાપાણીના બંને ખર્ચાનો સમાવેશ કરે છે. અમે નક્કી કરેલ કોઇ સમય મર્યાદા, અથવા કમસે કમ બે અઠવાડિયાંની અંદર તમારે લીક રીપેર કરવાનું ફરજિયાત છે. મીટર્ડ ગૃહ મિલકતો માટે અમારી 'લીકેજ કોડ ઓફ પ્રેક્ટીસ' તમને વધુ માહિતી આપે છે. અહીં કોલ કરી તમે એક નકલ મેળવી શકશો **0845 746 2222** અથવા અહીં મુલાકાત કરી **unitedutilities.com/bursthome**.

જો, કોઇ કારણસર અમે નક્કી ન કરી શકીએ કે મીટર મારફતે કેટલું પાણી પસાર થયું છે, તો તમારા ખર્ચાના આધારે ઉપયોગમાં લેવાયેલ પાણીની માત્રાનો અમે અંદાજ કરીશું. જો યોગ્ય હોય, તો આ ખર્ચને અમે બાદમાં સરભર કરીશું. કોઇપણ સમયગાળા માટે વોટર મીટર બંધ હોય, તો ખૂબ વિશ્વસનીય ઉપલબ્ધ માહિતી પર અમારો અંદાજ આધારીત રહેશે.

જો તમે માપેલ પાણી પુરવઠો ધરાવતા હો તો આ સિવાય પાણી સેવા માટે તમે જવાબદાર છો:

(i) મકાનનો કબ્જો તમે બંધ કરો (અથવા પાણી પુરવઠાની આવશ્યકતા ન હોય) અને આ માટે તમે અમે કમસે કમ બે કાર્યકારી દિવસ પર નોટિસ આપેલ હોય; અથવા

(ii) જ્યાં વોટર મીટરનો એક કરતાં વધુ મકાનમાં ઉપયોગ થતો હોય અને ખર્ચાની ચૂકવણીની જવાબદારી જે વ્યક્તિએ સ્વીકારી હોય તે આ વ્યવસ્થાની સમાપ્તિ માટે વાજબી સમયગાળાની નોટિસ આપે.

(i) ના કિસ્સામાં જો તમે નોટિસ ન આપો તો એક્ટ 144 અનુસાર જ્યાં સુધી આગામી મીટર રીડીંગ લેવામાં ન આવે ત્યાં સુધી ખર્ચા ચૂકવવાપાત્ર બનશે.

તમારી મિલકતમાં પાણી પુરવઠો મેળવવા માટે તમે જવાબદાર છો. આ સામાન્ય રીતે તમારી મિલકતમાં તમારી મિલકતની દિવાલથી (ઘણીવાર બગીચા દિવાલ) પાઇપનો વિભાગ હોય છે. અમુક કિસ્સામાં, ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં, શેરીના ભાગ કે જેમાં અમારી મુખ્ય લાઇન છે અને તમારી મિલકત સુધી અથવા પુરવઠા પાઇપ કોઇ અન્યની જમીનમાં પસાર થતો હોયતો વધુ પાઇપવર્ક માટે તમે જવાબદાર થશો. તમારી જવાબદારી વિશે જો તમને કોઇ શંકા હોય તો, તમારી મિલકતના ડીડ્ઝમાંથી વધુ માહિતી ઉપલબ્ધ બની શકે છે.

વોટર મીટરની માલિકી અમારી છે. તેનો અર્થ છે કે જાળવણી અને અંતે તેની બદલી માટે અમે જવાબદાર છીએ. આ અમારા પોતાના ખર્ચે કરીશું, સિવાય કે વોટર મીટર સાથે ચેડા કરવામાં આવ્યાં હોય.

વોટર મીટર સાથે ચેડા કરવા એ ગંભીર અપરાધ છે. અમારી અનુમતિ વિના તમારા વોટર મીટર દૂર કરવું જોઇએ નહીં, તેમાં અવરોધ કરવો જોઇએ નહીં અથવા અન્ય સ્થળે લઇ જવું જોઇએ નહીં. જવાબદાર વ્યક્તિ પાસેથી અમે ખર્ચ, નુકશાની અથવા ક્ષતિનો ખર્ચ વસૂલ કરીશું.

પ્રસંગોપાત અમારે વોટર મીટરની તપાસ કરવાની હોય છે, અથવા અમને કહેવામાં આવે, તો અમે તપાસ કરીએ છીએ. જો તમે અમને વોટર મીટરની તપાસ કરવાનું કહો, અને જો તે ક્ષતિયુક્ત ન હોય, તો તપાસ માટે તમારે ચૂકવણી કરવી ફરજિયાત છે. વધુ માહિતી માટે, અમારી સ્વયં લીફલેટ લાઇન પર કરો કરો અને અમારી ફેક્ટશીટ 'ટેસ્ટીંગ હાઉસહોલ્ડ વોટર મીટર' માટે અહીં પૂછો **0845 303 7711**.

ટ્રેડીંગ સ્ટાન્ડર્ડ્ઝ ઓફિસર દ્વારા પણ વોટર મીટર તપાસ કરાવવાનો તમે વિકલ્પ ધરાવો છો. જો તમે આમ કરવા માગતા હો, તો તમારા સ્થાનિક ટ્રેડીંગ સ્ટાન્ડર્ડ્ઝ ડિપાર્ટમેન્ટનો તમારે પ્રત્યક્ષ સંપર્ક કરવો જોઇએ.

United Utilities
helping life flow smoothly

### અમને કહો

યુનાઇટેડ યુટીલીટીઝ અને નોર્થ વેસ્ટની વોટર કંપની છે. દરરોજ અમે સાત મીલીયન ગ્રાહકો માટે નળને વહેતા અને ટોઇલેટ્સને સાફ રાખીએ છીએ. ક્રીવ થી કાર્લીસલ સુધી, તમારા જીવનને સરળ કરવામાં મદદ માટે અમે સખત કાર્ય કરીએ છીએ.

United Utilities Water PLC , Haweswater House, Lingley Mere Business Park, Lingley Green Avenue, Warrington WA5 3LP.
ઇંગ્લેન્ડ અને વેલ્સમાં રજીસ્ટર્ડ. રજીસ્ટર્ડ નંબર 2366678.

01/13/SD/4959c

# વૉટર મીટર માટ અરજી

**સમય બચાવો unitedutilities.com/meters પર ઑનલાઇન અરજી કરો**

**અથવા અરજીપત્રક ભરી અહીં મોકલાવો:**
United Utilities, PO Box 246, Warrington, WA55 1EA

United Utilities
helping life flow smoothly

| | |
|---|---|
| શ્રીમાન/શ્રીમતિ/કુ./મીસ | |
| નામ | |
| સરનામું | |
| | |
| | |
| પોસ્ટકોડ | |
| ઘરનો ટેલીફોન નંબર | |
| મોબાઇલ ટેલીફોન નંબર | |
| પત્રવ્યવહારનું સરનામું જો ઉપરથી અલગ હોય | |
| | |
| | |
| પોસ્ટકોડ | |
| જન્મ તારીખ | |
| ગ્રાહક ખાતા નંબર *(તમારા વૉટર બીલમાં દર્શાવ્યો છે)* | ☐☐☐☐☐☐☐☐☐☐ |
| મિલકતનો પ્રકાર | ☐ સ્વતંત્ર ☐ અગાસીયુક્ત ☐ અર્ધ-સ્વતંત્ર ☐ ફ્લેટ |
| નિવાસી સ્થિતિ | ☐ માલિક/ધારક ☐ ભાડૂત |
| આ સરનામે ધારકોની સંખ્યા | |

જો તમે ભાડૂત હો, કૃપા કરી તમારા મકાનમાલિકનું નામ અને સરનામું આપો (જો તમે આશ્રિત નિવાસના રહેવાસી હો તો કૃપા કરી હાઉસિંગ એસોસિએશનની વિગતો આપો):

| | |
|---|---|
| નામ | |
| સરનામું | |
| ટેલીફોન | |

| | |
|---|---|
| તમારી મિલકત સામુહિક પુરવઠો ધરાવે છે (ઉદાહરણ તરીકે, સહિયારી લોન્ડ્રી સુવિધા અથવા સહિયારો પાણી પુરવઠો)? | ☐ હા ☐ ના |
| તમે 6 મહિનાથી ઓછા સમય માટે ફિક્સ ટેનન્સી એગ્રીમેન્ટ ધરાવો છો? | ☐ હા ☐ ના |
| જો હા, તો અરજી કરતા પહેલાં તમારા મકાનમાલિક પાસેથી તમારે અનુમતિ લેવી ફરજિયાત છે. તમારી મિલકતમાં મીટર ફિટ કરવા માટે તમારા મકાનમાલિક પાસેથી તમે અનુમતિ લીધેલ છે તેનું સમર્થન કરવા માટે કૃપા કરી આ ખાનાંમાં ટીક કરો. | ☐ |

હું વૉટર મીટર ફિટ કરાવવા માગુ છું અને સમર્થન કરું છું કે વૉટર મીટર ફિટ કરવાની શરતો મેં સમજી છે. સર્વેની વ્યવસ્થા કરવા માટે કૃપા કરી મારો સંપર્ક કરો.

| | |
|---|---|
| સહી | |
| તારીખ | |

| | |
|---|---|
| સર્વેની વ્યવસ્થા કરવા માટે અમે તમારી કેવી રીતે સંપર્ક કરીએ તે કૃપા કરી દર્શાવો. | ☐ પત્ર ☐ ઘર ટેલીફોન ☐ મોબાઇલ |
| જો તમે ટેલીફોન દર્શાવેલ હોય, તો સર્વેની વ્યવસ્થા કરવા માટે તમને કોલ કરવાનો કયો સમય તમે પસંદ કરશો? | |
| તમે સવારનો અથવા સાંજનો સમય પસંદ કરશો? | ☐ સવારે ☐ સાંજે |

03/12/SD/4959b